


## સલામી સવારની..

*ખૂલ્લી સડક, ન ફડક, બેધડક પી જાય છે!*
*તમારા તંત્રની ફૂટેલી પ્યારીમાં જ પી જાય છે!*
*પી જાય છે 'બંધી' છો ક્યા કરો કાયદા કડક -*
*પીનારા દેશી-વિદેશી-ઈંગ્લીશ-લઠ્ઠો પી જાય છે*
*('ઈંગ્લીશ'માં ભાષણ...)*

હાઈકુ

*શિવ સેના ને*
*હવે ફરી ચઢશે -*
*સત્તાની ભાંગ?!*

*ઉધ્ધવજી એ*
*દિલ્હી દરબારને -*
*દીધો સંદેશ...*

## ચિંતન

*ઉદયે સવિતા રક્તો રક્તશ્વાસ્તમને તથા ।*
*સંપતૌ ચ વિપત્તૌ ચ મહત્તા મેકરૂપતા*

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

સૂર્ય ઊગે છે ત્યારે લાલ હોય છે અને આથમે છે ત્યારે પણ લાલ હોય છે. સંપત્તિ અને વિપત્તિમાં મહાપુરુષો એકરાગતા રાખે છે.

અવિવેકી - અને અજ્ઞાન લોકો સંપત્તિ આવતાં મદ અને અભિમાનથી બહેકી જાય છે અને તેમનું ઉછૃંખલ વર્તન મિત્રો અને કુટુંબીજનો માટે દુ:ખદાયી બને છે.

સમજુ-જ્ઞાની માણસ ધન-સંપત્તિને ઈશ્વરના આશીર્વાદને કે ભાગ્યનો એક ખેલ સમજે છે તેથી સંપત્તિ હોય કે ન હોય તેમના વિચાર-વર્તનમાં કોઈ ફેરફાર થતો નથી.

આ વાત અહીં સૂર્યના સૂર્દોય અને સૂર્યાસ્ત સમયના કુદરતી રંગો દ્વારા સરસ રીતે સમજાવી છે.

## સુવિચાર

- કોઈ પણ ધ્યેય પ્રાપ્ત કરવા માટે કરેલો ત્યાગ, એ અર્પણ નહીં, આપ-પલે જ હોય છે - **જે. કૃષ્ણમૂર્તિ**
- સત્કાર્યો માનવ હૃદયમાં બાંધેલા કીર્તિમંદિરો સમાન છે - **ધૂમકેતુ**
- 'સાહેબ, અમને વિશ્વાસ છે કે ઈશ્વર અમારા પક્ષમાં છે.'
  'આપમે ઈશ્વરના પક્ષમાં છીએ એ જાણવું પણ વધારે મહત્વનું છે' - **લિંકન**
- આપણે આપણું ભાવિ ઘડિએ છીએ અને એને 'નસીબ' નામ આપીએ છીએ - **ડિઝરાયેલી**
- એક જ પથ્થર સાથે બે વાર અથડાવું એ સનાતન બદનામી છે - **સિસેરો**
- જેઓ વધારેમાં વધારે ફરિયાદ કરે છે એમના વિષ સૌથી વધારે ફરિયાદો હોય છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : જેઠી મધના મૂળને પાણીમાં બોળી રાખેલા પાણીથી કોગળા કરવાથી મોં ના ચાંદા રૂઝાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

સાચા નેતા એને કહેવાય જે બધી જ બાબતોમાં નેતૃત્વ લઈ પ્રજાને સાચી દોરવણી આપે નીતિમય જીવન હોય કે યુદ્ધ મેદાન. દૃષ્ટાંત રૂપ થવું જોઈએ.

અમેરિકાના એક ગામમાં નદીનું પૂર આવ્યું. પૂરમાં એક મહિલા અને તેના બે બાળકો નદીમાં તણાતાં હતા. મહિલા મદદ માટે બૂમો પાડતી હતી.

આ દૃશ્ય કોઈ તેને બચાવવા સાહસ કરવા તૈયાર નહોતું. એક યુવાન પોતાના કોટિ-ટાઈ-બૂટ વગેરે કાઢી પૂરમાં ઝંપલાવ્યું અને મહિલા તથા તેના બાળકોને બચાવી કિનારે લાવી દીધાં. બાળકો સહીસલામત મળતા મહિલા તો ખૂબ રાજી થઈ ગઈ અને એ યુવાનને આશીર્વાદ આપવા લાગી.

એ યુવાન હતા જયોર્જ વોશિંગ્ટન. આવા પરોપકારના કાર્યો વડે જ તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ બની શક્યા. સફળતાનાં સુવર્ણ શિખરો એવા જ લોકો સર કરી શકે છે કે જેમણે પરમાર્થ અને પુરુષાર્થના ગુણોને અપનાવ્યા હોય.

# સીઝેરિયન ડિલિવરી : નેવે મુકાઈ છે નીતિમત્તા

**તંત્રીસ્થાનેથી...**

કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ મંત્રી મેનગા ગાંધીએ સીઝેરિયન પ્રસૂરિ મુદ્દે વ્યક્ત કરેલી ચિંતા સમયસરની છે. તબીબી વ્યવસાય કયારેક અતિશય ઈમાનદારીપૂર્વકની માનવસેવા ગણાતો હતો. છેલ્લા કેટલાક દાયકાઓથી તબીબી સેવાઓએ ઉદ્યોગનું - મેડિકલ ઈન્ડસ્ટ્રીઝનું કોર્પોરેટ સ્વરૂપ ધારણ કરી લીધું છે. આરોગ્ય સેવાના મૂળમાં રહેલ મિશનરી સ્પિરિટ લગભગ ખતમ થઈ ચૂકેલ છે. અગાઉ સેવા સાથે મેવાનો કન્સેપ્ટ જરૂર વહેતો થયેલો. હવે સેવા સમાપ્ત થઈ ગઈ છે અને ફક્ત મેવા જ બાકી રહી ગયા છે. જિલ્લે જિલ્લે મેડિકલ કૉલેજ શરૂ થાય એ અવશ્ય આવકારદાયક બાબત ગણાવી જોઈએ, પરંતુ આવી મેડિકલ કૉલેજોના વર્ગખંડોમાં કાગડા ઊડતા હોય કે અધ્યાપકો ફક્ત કાગળ ઉપર બોલતા હોય એવી સ્થિતિ ખરેખર શોચનીય ગણાય. સવિશેષ વાલીઓમાં એક એવી જાડી સમજ પ્રવર્તે છે કે એમનું સંતાન મેડિકલ લાઈન લેશે એટલે ઘર સીધું જ ટંકશાળમાં ફેરવાઈ જશે. આથી વિદ્યાર્થીની રૂચિ જોયા વિના એને યેનકેન પ્રકારેણ - ઊંચી ટ્યૂશન ફી ભરીને, કલાસ કરાવીને બારણા ધોરણ પછી મેડિકલ લાઈનમાં પ્રવેશ અપાવવાના પ્રયાસો કરાય છે. ઊંચી ફી કે ડોનેશન આપીને મેળવેલ પ્રવેશ પછી ડિગ્રી તો મળી જાય છે, કદાચ મહાવરાને અંતે કાર્યકુશળતા પણ આવતી હશે, પરંતુ પેલા મૂડી રોકાણનું વહેલી તકે ઊંચુ વળતર મેળવી લેવાની મનોવૃત્તિને કારણે નવોસવો તબીબ 'મેડિકલ એથિક્સ' ને બાજુએ મૂકી શોષણખોર રાક્ષસ બની જાય છે. પેટમાં સામાન્ય પીડ આવતી હોય તો પણ અષ્ટમષષ્ટમ ઈન્વેસ્ટિગેશન્સ કરાવી એપેન્ડિક્સની સર્જરીના કેસો સામાન્ય બની ગયા છે. એ જ રીતે કુદરતી પ્રસૂતિ શક્ય હોય તો પણ ઉતાવળે સીઝેરિયન કરી દઈ રૂપિયા રળી લેવાની વૃત્તિ-પ્રવૃત્તિ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. સીઝેરિયન પ્રસૂતિ ખરેખર તો માતા અને બાળક બેઉને સંકટમાંથી ઉગારવા માટેનું ઓપરેશન છે. તે દૃષ્ટિએ આ ઓપરેશન જીવનદાયક વરદાન જ ગણાય. પરંતુ નેવુંથી પંચાણું ટકા કેસોમાં કુદરતી પ્રસૂતિ શક્યા હોય છે, છતાં પ્રસૂતિગૃહોમાં એ માટે રાહ જોવાની ધીરજ નથી તો પ્રસૂતા દરદીને હોતી કે નથી ડોકટરોને રહેતી. ડૉકટરો તો ઊલટાના બિહામણી શક્યતાઓ દર્શાવી દરદીને અને તેનાં સગાવહાલાંને બીવરાવી મારે છે. બાલક ગૂંગળાઈ જશે, એના ગળે નાભિનાળ વીંટળાયેલી છે - ગર્ભાશયનું મુખ સાંકડું છે - એવી વાતો કરીને તે ગરજવાન મહિલાને માનસિક રીતે ભાંગી નાખે છે. સીઝેરીયનથી મિનિટોમાં જ ગર્ભાશય પર ચીરો મૂકી બાળકને પેટ પરથી લઈ લેવામાં આવતું હોઈ પ્રસૂતાને નથી તો લાંબો વખત પીડાવું પડતું કે નથી બાળકનું મગજ દબાઈ જવા જેવી અને એથી ભવિષ્યમાં રહી જનારી ખોડખાંપણનો ભય રહેતો. આમ સીઝેરિયન દરદી અને ડૉકટર - બેઉ માટે રાહતરૂપ સર્જરી છે, પરંતુ એ અનિવાર્ય હોય ત્યારે જ થવી જોઈએ, તે નીતિમત્તાનાં ધોરણો નેવે મુકાઈ ગયાં છે જો આજથી ત્રણ દાયકા પૂર્વે જન્મેલ વ્યક્તિઓની કુંડળી તપાસવામાં જો આજથી ત્રણ દાયકા પૂર્વે જન્મેલ વ્યક્તિઓની કુંડળી તપાસવામાં આવે તો એ પૈકીના મોટા ભાગના 'નોર્મલ ડિલિવરી'થી જન્મેલા માલૂમ પડશે. એવું તે શું થઈ ગયું કે હવે સીઝેરિયન ડિલિવરીનો આંકડો એકાએક વિક્રમ વટાવી રહ્યો છે ? કુદરતે સ્ત્રીના ગર્ભાશયની રચના નોર્મલ ડિલિવરી માટે કરેલી છે. એવી ડિલિવરી વખતે થનાર અસહ્ય પ્રસૂતિ પીડા પણ માતૃત્વના આનંદમાં ઓગળી જતી હોય છે. માત્ર પ્રસૂતિ જ નહીં, સ્તનપાન મુદ્દે પણ આપણે આધુનિક સમાજ ક્રૂર બની ગયો છે. પછી સંતાનોને માતાપિતા પ્રત્યે અભાવ જાગે તો એણાં કોનો વાંક કાઢીશું ?

# ફુડ કન્ટ્રોલ બીલ ૨૦૧૭ લાવવામાં આવશે : સી.આર.પી.સી. કલમ-૧૩૩ તથા ૧૮૮ મુજબ પગલા ભરાશે




તાજેતરમાં મોંઘા રજવાડી લગ્નો નોટબંધી અમલમાં હોવા છતાં યોજાયા જેમાં નાણા તથા અન્નનો ભરપુર માંગમાં બગાડ જોવા મળ્યો. દેશમાં સૌ પ્રથમ મોંઘા લગ્નો ઉપર પ્રતિબંધ તથા ફુડ કન્ટ્રોલ બીલ ૧/૪/૨૦૧૭ થી જમ્મુ કાશ્મીરમાં અમલમાં મુકાશે. રાજયના ગ્રાહકો બાબતના મંત્રી દ્વારા આદેશ કરવામાં આવેલ છે.

ભોજનનો બગાડ તથા નાણાના અતિરેકના કારણે ખોટા દેખાડા તથા દંભને રોકવા આ પગલું ભરવા સરકારને ફરજ પડેલ છે તથા આદેશનું પાલન કરવાની જવાબદારી જીલ્લા અધિકારીની રહેશે. આદેશનું પાલન નહી કરનાર સામે સી.આર.પી.સી.ની કલમ ૧૩૩ તથા ૧૮૮ મુજબ જાહેરનામાના ભંગ બદલ કડક પગલા ભરી ધરપકડ કરવામાં આવશે તેમજ દંડ અને સજા બન્નેની જોગવાઈ કરવામાં આવેલ છે. સરકારમાં કોઈપણ મોભાદાર વ્યક્તિ, અમલદાર, રાજકારણીઓ કે ઉદ્યોગપતિઓ હવેથી લગ્ન કરતા પહેલા જાહેરનામાનો પાલન કરવાની ફરજ પડશે અગાઉથી લગ્નનું પ્લાનીંગ કરનારને મોટા ફેરફાર કરવા પડશે હજુ ૪૦ દિવસનો સમય છે. રાજયની આ યોજનાનો અમલ કેન્દ્રના બધા જ રાજયમાં કરવા ભલામણ કરવા સંસદમાં બીલ પાસ કરવામાં આવશે અને ખરડાને કાયદામાં રૂપાંતરીત કરી તેનો અમલ આગામી દિવસોમાં કરવામાં આવશે. આનાથી કાળા ધનના વપરાશ ઉપર પ્રતિબંધ લદાશે.

સાંસદ અજીત રંજને એક બીલ લોકસભામાં મુકેલ અને બીલનો પ્રસ્તાવ રજુ કરવામાં આવેલ આ પ્રકારના ૧૯ બીલો અત્યાર સુધીમાં સંસદે પસાર કરેલ છે આ મુજબ હવેથી લગ્નોમાં થનાર ખર્ચનો હિસાબ રજુ કરવો પડશે તથા આ નાણા કયાંથી આવ્યા તેની વિગતો પણ જાહેર કરવી પડશે. જો કોઈ વ્યક્તિ લગ્નમાં પાંચ લાખ કરતા વધારે રકમ ખર્ચ કરે તો તેણે સમગ્ર ખર્ચની ૧૦ ટકા રકમ કોઈ ગરીબ કન્યાના લગ્નમાં વાપરવી પડશે. સામાજીક સંગઠનો અગર તો એન.જી.ઓ.માં આ રકમ આપી પહોંચ મેળવવાની રહેશે.

સરકાર દ્વારા મહેમાનોની સંખ્યા તથા મેનુના લીસ્ટમાં કન્ટ્રોલ કરવામાં આવશે જેથી બીન જરૂરી અન્નનો બગાડ ના થાય. દિકરીના લગ્નમાં ૫૦૦ માણસો તથા દિકરાના લગ્નમાં ૪૦૦ થી વધારે મહેમાનો બોલાવી શકાશે નહી.

ભોજનમાં ૭ વેજ અને ૭ નોન વેજ તેમજ ૨ સ્વીટ ડિશથી વધારે મેનુ રાખી શકાશે નહી. આમંત્રણ પત્રિકાની સાથે મોંઘી ભેટ કે મીઠાઈ, ફરસાણ, ડ્રાયફ્રુટ પણ મોકલી શકાશે નહી. ડીજે, ઓરકેસ્ટ્રા અને લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર પ્રતિબંધનું કારણ ધ્વની પ્રદૂષણ ફેલાય છે અને બિમાર તથા વિદ્યાર્થીઓ, વૃધ્ધોને તકલીફ સહન કરવી પડે છે વિના કારણે સામાન્ય લોકોને ટ્રાફિકમાં અટવાવું પડે છે.

અગાઉ ૨૦૧૨ માં પણ આ પ્રકારનું બીલ પસાર કરવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો પરંતુ તેમાં સફળતા મળી શકેલ નહી. રાજયમાં ૧૯૭૩ માં પણ સરકારે ખોટા ખર્ચને રોકવા પ્રયત્ન કરેલ જેમાં ૨૫ જાનૈયા સહિત ૭૫ મહેમાનોને જ બોલાવવાની વ્યવસ્થા કરાઈ હતી પણ જન આક્રોશના કારણે આ પ્રતિબંધ પરત ખેંચવામાં આવ્યો હતો અને હાઈકોર્ટે આ આદેશ સામે રોક લગાવી હતી.

અગાઉ ગુજરાતમાં પણ ફુડ કન્ટ્રોલ એકટ અમલમાં હતો જેમાં ૨૦૦ જણાને જ લગ્નમાં ભોજન કરાવવામાં આવતું પરંતુ કાયદાની ટેકનિકલ ખામીનો લાભ મેળવી અલગ અલગ તારીખે આયોજકો દ્વારા મહેમાનો બોલાવી પોતાનો શોખ પુરો કરતા હતા અને કાયદાથી બચતા હતા. કાચા કે પેક ભોજનનો વેડફાય નહિ કરી શકાય જો કંઈ બચે તો તેને ફેંકવું નહી પરંતુ જરૂરત મંદ તથા વૃધ્ધાશ્રમ કે અનાથાશ્રમમાં દાન કરવાની જોગવાઈ લાગુ પાડવામાં આવશે.

જમ્મુ કાશ્મીરમાં આમેય અશાંતગ્રસ્ત છે જેમાં મોટા પ્રમાણમાં ટોળા ભેગા થતા અરાજકતા ફેલાય છે અને ઉગ્રવાદીઓના શિકાર નિર્દોષ લોકો બને છે ડીજેમાં વરઘોડામાં ખાનગી ફાયરીંગ ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવશે જેનાથી કેટલાય નિર્દોષ લોકોએ જાન ગુમાવવો પડ્યો છે. લગ્નો કે ગરબામાં વિના પરમીશન ડીજે, ઓરકેસ્ટ્રા બોલાવવામાં આવ્યું હશે તો તેની ધરપકડ કરી જાહેરનામાના ભંગ બદલ દંડ અને સજા કરવામાં આવશે મુદ્દામાલને જપ્ત કરવામાં આવશે ત્યારબાદ કોર્ટના નિર્ણય આધીન અમલ કરવાનો રહેશે. અગાઉ મોરારજીભાઈ દેસાઈની સરકારે ફુડ કન્ટ્રોલ એકટ પસાર કરેલ કેન્દ્ર આ પ્રકારનું બીલ ૨૦૧૭ માં આગામી સંસદમાં બહુમતીથી પસાર કરે તો આ ખરડાનો અમલ કરાવવામાં આવશે હાલમાં જમ્મુ કાશ્મીરમાં આ નિયમ ૧/૪/૨૦૧૭ થી લાગુ પડશે.

# સંબંધ હોય કે જીવન જેટલું સરળ અને સ્પષ્ટ હોય એટલી તકલીફ ઓછી થાય




બલ્ખના સુલતાનની જાહોજલાલી એવી હતી કે રોજ રાતે તેમના પલંગ ઉપર સવામણ તાજાં ફૂલોની સેજ બિછાવવામાં આવતી.

ફૂલોની એ સેજ પાથરનાર દાસીને એક દિવસ થયું કે, સુલતાનને આવવાને હજી વાર છે ત્યાં, લાવને થોડીવાર હું સેજ પર સૂઈ જોઉં ! અને પછી પલંગ પર આડી પડતાંનીસાથે જ, દૈવયોગે, તેને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. થોડી વાર પછી સુલતાન શયનખંડમાં આવ્યા... ત્યાં પોતાની પથારી પર દાસીને સૂતેલી જોઈને એમના ક્રોધનો પાર ન રહ્યો. કોરડો લઈને એમણે દાસીના દેહ પર બે ચાર ફટકા લગાવ્યા.

રડતી ને કાંપતી દાસી તરત જ પલંગ પરથી ઊતરી ગઈ અને પછી રડતાં રડતાં એકદમ હસી પડી. તેનું આવું વિચિત્ર વર્તન જોઈને સુલતાનનો ગુસ્સો જરા ઠંડો પડ્યો, અને એમણે પૂછ્યું, 'તું આમ અચાનક હસી કેમ પડી ?'

દાસીએ નરમાશથી કહ્યું, 'જહાંપનાહ, મને હસવું તો એમ વિચાર કરતાં આવ્યું કે હું બે ઘડી આ ફૂલોની પથારીમાં સૂતી હઈશ, ત્યાં કોરડાના બે-ચાર ફટકા ખાવાનું મારા નસીબમાં આવ્યું. પરંતુ આપ નામદાર તો રોજ આખી રાત આ સેજ પર સૂવો છો, તો ખુદા પાક આપને એની કોણ જાણે કેવીય સજા કરશે ? - બસ, એ જ વિચારથી મને હસવું આવી ગયું !'

આ નાનકડી એવી વાર્તા આપણને બે બાબતો સૂચવી જાય છે : એક તો એ કે તમને જે કંઈ મળે છે તેનું તમારે મૂલ્ય ચૂકવવું જ પડે છે. કહ્યું છે કે 'With great power comes great responsbilities.' ઉત્તમ વસ્તુ જયારે અધિકાર વિના પ્રાપ્ત થાય ત્યારે અચાનક છીનવાઈ જાય છે અને તેના માઠા પરિણામો પણ ભોગવવા પડે છે. માટે કંઈ પણ પ્રાપ્ત કરવા માટે કાં તો એ માટેની લાયકાત કેળવીએ અથવા એ અનાયાસ મળી જાય તો તેને યોગ્ય બનવા પ્રયત્નશીલ બનીએ તો જ તેને ટકાવી શકાય ?

આપણે જયારે અન્યને આપણાથી વધુ ખુશ, સંતુષ્ટ કે સફળ બનતા જોઈએ છીએ ત્યારે આપણને તેની પાછળ રહેલી આ વેદના કે સંઘર્ષની જાણ નથી હોતી. આજકાલ બહારથી બધુ જ સુંદર અને બરાબર ચાલતું હોય તેમ દર્શાવવાનો Trend છે. તકલીફ દરેકને વત્તે-ઓછે અંશે હોય જ છે પણ પ્રકાર અલગ અલગ હોય. જેમ વધુ સત્તા એમ વધુ જવાબદારી અને એટલો જ વધારે સ્ટ્રેસ. સાયક્યાટ્રીસ્ટ પાસે જવાનું આજે પણ આપણા દેશમાં ક્ષોભજનક ગણાય છે. ખાસ કરીને સુખી-સંપન્ન અને પ્રતિષ્ઠિત લોકો આ પ્રકારની કોઈ સારવાર લે તો પણ તે છુપાવીને લેતા હોય છે. છાના ખૂણે અનેક પ્રકારની વેદના ભોગવતા લોકો દંભપૂર્વક પોતાની સાચી પરિસ્થિતિ અન્ય લોકો સુધી પહોંચવા દેતા નથી. આમ જોવા જઈએ તો પોતાની અંગત બાબતને જાહેર કરવી કે ન કરવી એ દરેકની વ્યક્તિગત પસંદગી છે. પણ પ્રશ્ન ત્યારે ઉદ્ભવે જયારે ખૂબ ખુશ કે સંતુષ્ટ લાગતી વ્યક્તિ અચાનક પોતાનું જીવન ટૂંકાવી દે અથવા ડ્રગ્સ કે અન્ય નશીલા પદાર્થોનું સેવન કરતું થાય તે પ્રકારની વાત બહાર આવે. આજની પેઢીને બધું જ 'instant' જોઈએ. સફળતા, સિદ્ધિ અને લાઈમલાઈટમાં રહેવું તેમને અતિપ્રિય છે. પણ ઘણીવાર એના ખૂબ ભયંકર પરિણામો ભોગવવાનો વારો આવે ત્યારે તેમને હકીકતનું ભાન થાય છે અને ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હોય છે.

સંબંધ હોય કે જીવન જેટલું સરળ અને સ્પષ્ટ હોય એટલી તકલીફ ઓછી થાય. કેટલી બધી સારી વસ્તુઓ પૈસા વડે ખરીદી શકાતી નથી - અને એ જીવનની સારામાં સારી વસ્તુઓ હોય છે કે કેટલાં બધાં અનિષ્ટોને પૈસા વડે દૂર કરી શકતો નથી. અને એ જિંદગીમાં સહુથી વધુ ખરાબ અનિષ્ટો હોય છે. વ્યક્તિ પાસે કંઈ જ ન હોય ત્યારે સૌ પ્રથમ એ પૈસા કમાવવા માટે મહેનત કરે છે. એનું પ્રથમ ધ્યેય વધુમાં વધુ આર્થિક સધ્ધર બનવાનું હોય છે એ માટે કરવા પડતા તમામ પ્રયત્નો એ કરે છે. કયારેક સકારાત્મક તો કયારેક નકારાત્મક રીતે તે પોતાના લક્ષ્ય સુધી પહોંચવાની કોશિષ કરે છે. ત્યારબાદ એક એવો સમય આવી જાય છે કે જયારે તેણે આ બધું હાંસલ કરી લીધું હોય છે. આ બધું મેળવતાં એણે શું ગુમાવ્યું છે એ ચર્ચા અત્યારે નહિં કરું. પણ ત્યારબાદ બીજો પડાવ આવે છે પ્રતિષ્ઠિત હોવાનો. પોતની પાસે પૈસાથી મેળવેલી તમામ વસ્તુઓને પ્રદર્શિત કરીને તે પ્રસિદ્ધ બનવા માટે ઝંખે છે પણ અંતિમ તબક્કે જયારે પૈસો અને પ્રતિષ્ઠા બંને મેળવ્યા પછી એ એક એવી પરિસ્થિતિમાં આવી જાય છે કે તેને પોતાની આસપાસના તમામ સંબંધો પોકળ, બોદા અને ખોટા લાગવા લાગે છે. કવિશ્રી સુરેશ દલાલ લખે છે તેમ,

**"મળ્યું આભ, ને મળી આંખ નહિ;**
**ચરણ મળ્યા : નહિ ધરતી."**

વ્યક્તિ જયારે પદ, પ્રતિષ્ઠા અને સમૃદ્ધિ બધું જ મેળવી લે ત્યારે તેના જીવનનો એક એવો તબક્કો આવે છે. જયાં તે પોતાની જાત સાથે વધુ અને અન્ય દુન્યવી સંબંધોથી દૂર જવા ઈચ્છે છે. પહેલા પોતાની તમામ વાતો દ્વારા પ્રસિદ્ધિ મેળવવા અને lime light માં રહેવા ઈચ્છતી વ્યક્તિ આજે privacy માટે ઝંખે છે. તેને એકાંત ગમવા લાગે છે અને તે સંબંધોથી ભાગવા ચાહે છે. તેને માત્ર સાવ અંગત એવા બે-ચાર સંબંધો સિવાય કશામાં રસ રહેતો નથી. શ્રી વજુભાઈ શાહ લખે છે તે બાબત હવે તેને સમજાયા છે કે,

"ઓછામાં ઓછી જરૂરિયાતોથી જીવન ચલાવવાની શક્તિને કળા જે ખીલવે, તે વધુમાં વધુ સુખી થાય. વધુમાં વધુ સ્વતંત્રતા અને ખુમારી જાળવી શકે. જરૂરિયાત જેમ વધારે, તેમ પરાક્રમ કરવાની શક્તિ હણાતી જાય." હવે ખરા અર્થમાં તેને જીવન સમજાય છે. શું મળવ્યું અને શું ગુમાવ્યું એ તમામથી પર બનીને તે જિંદગીને સ્થિર રહીને માણતા શીખી જાય છે. આ અવસ્થા એ જીવનની સર્વશ્રેષ્ઠ અવસ્થા છે.

Last Seen :

'પ્રતિષ્ઠા' એટલે જગતમાં સ્ત્રી-પુરુષો આપણે વિશે શું ધારે છે તે; 'ચારિત્ર્ય' એટલે ઈશ્વર અને આપણે પોતે આપણા વિશે જે જોઈએ તે - જાણીએ છીએ તે.

- nehalgadhavi101@gmail.com

# હવે બિન-ભાજપી વિપક્ષી એકતાનું મનોમંથન




- ભારતીય ઇતિહાસનું વર્ષ ૨૦૧૭ની આગામી લોકસભા ચૂંટણી માટે નિર્ણાયક બનશે
- વડા પ્રધાનપદના સંયુક્ત વિપક્ષી ઉમેદવાર તરીકે નીતીશ કે અખિલેશની સંભાવના
- મહારાષ્ટ્રમાં ભાજપનો વિજયરથ રાજકીય પક્ષોની અકળામણ વધારે એ સ્વાભાવિક
- ભાજપીગોત્રના રાષ્ટ્રપતિ જુલાઈમાં રાષ્ટ્રપતિ ભવનનો હવાલો સંભાળે પછી ગતિ વધશે

રાજકીય ક્ષેત્રમાં ક્યારે શું થશે એ વિશે નિશ્ચિત ભવિષ્યવાણીઓ કરવાનું મુશ્કેલ હોય છે. સુખ અને દુ:ખ, તડકો અને છાંયડો, સત્તા અને વનવાસ, એ બધું "ચક્રવત્ પરિવર્તન્તે" જેવું હોય છે. જોકે, ભારતીય રાજકારણ કે સત્તાકારણમાં '૭'નો આંકડો કાયમ નિર્ણાયક બનતો રહ્યો છે એટલે કે ૨૦૧૭નું વર્ષ અનેક દૃષ્ટિએ નવા ચમકારા આપનારું નીવડે એવું લાગે છે. વર્ષ ૨૦૧૯માં લોકસભા માટેની ચૂંટણી આવી રહી છે. એનાં પડઘમ અત્યારથી વાગવાં શરૂ થઈ ગયાનું અનુભવાય છે.મહારાષ્ટ્રની મુંબઈ સહિતની મહાપાલિકાઓ અને જિલ્લા પરિષદોમાં ભાજપનો વિજયરથ જે રીતે આગળ ફરી વળ્યો છે એ ભલભલા વિરોધી રાજકીય પક્ષોના નેતાઓને સન્નિપાત કરાવે એ સ્વાભાવિક છે. તાજેતરમાં પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ પછી પણ ગુજરાત સહિતનાં રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ યોજાશે. ૨૫ જુલાઈ ૨૦૧૭ના રોજ કોંગ્રેસી ગોત્રના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી પછી ભાજપી ગોત્રના રાષ્ટ્રપતિનું સત્તારોહણ ઐતિહાસિક ઘટના બની રહેવાની છે. ભારતીય રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો હાથ ઉપર રહેવાની પૂરેપૂરી શક્યતા છે. એ કોને રાષ્ટ્રપતિપદના ઉમેદવાર બનાવશે એ કળાવું મુશ્કેલ છે, છતાં એટલું જરૂર કહી શકાય કે એ મોદીનિષ્ઠ જરૂર હશે. વડા પ્રધાન મોદીની મૂંઝવણ વધારી મૂકવાની શક્યતા ધરાવતા અને ભૂતકાળમાં વડા પ્રધાનપદના આકાંક્ષી રહ્યા હોય એવા તો નહીં જ હોય. મહિલા રાષ્ટ્રપતિ માટેની ઊજળી તક ખરી. અત્યારે જે ઘણાં નામો ચર્ચામાં છે તેમાંથી લોકસભાનાં અધ્યક્ષા સુમિત્રા મહાજનના નામને અગ્રક્રમે મૂકી શકાય. જોકે વિધાનસભાની ઉત્તર પ્રદેશ,પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરની ચૂંટણીઓનાં પરિણામ રાષ્ટ્રપતિપદની ચૂંટણી માટે ખાસ્સાં અસરકારક સાબિત થવાનાં. ભાજપ અને મિત્રપક્ષોના મોરચા 'રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા (એનડીએ)ની સામે વિપક્ષો મજબૂત મોરચાની કિલ્લેબંધી કરવામાં સફળતા પામવા માટે નરેન્દ્ર મોદીને ટક્કર આપે તેવા એક નેતાના નામ સાથે બિન-ભાજપી મોરચો રચે એવી શક્યતા ભણી સૌની મીટ છે. મોદીનું સ્ટીમરોલર ફરી વળે અને બધાનો કચ્ચરઘાણ નીકળી જાય એ પહેલાં અંગત વાંધાવચકા બાજુએ સારીને પણ સંયુક્ત મોરચો રચવો એ તેમની મજબૂરી છે.

વચ્ચે વચ્ચે બિહારના મુખ્યપ્રધાન નીતીશકુમાર અને વડા પ્રધાન મોદી વચ્ચે કાંઈક રંધાતું હોય એવા અહેવાલો આવે છે કે પછી કોઈ જાહેર કાર્યક્રમમાં બેઉ સાથે હોય ત્યારે મોદી એવા સંકેત આપવાની કોશિશ કરે છે કે નીતીશ સાથે તેમનું પેચ-અપ થઈ ગયું છે. જોકે આવી શક્યતાને સ્વયં નીતીશકુમાર નકારતા રહ્યા છે.છોગામાં ઉમેરે પણ છે કે મીડિયામાં જાણી જોઈને એવા અહેવાલો પ્રસરાવવામાં આવે પણ છે કે હું જ્યારે અમિત શાહને મળ્યો ના હોઉં ત્યારે મુલાકાતોનાં બયાન છપાય.. બિહારમાં લાલુ પ્રસાદની પાર્ટી આરજેડી કને જેડી(યુ) કરતાં વધુ બેઠકો હોવાથી તેજપ્રતાપ યાદવને નાયબ મુખ્ય મંત્રીમાંથી મુખ્ય મંત્રી બનાવવાની ઝુંબેશને રાબડીદેવીના આશીર્વાદ છે.આ મુદ્દો નીતીશને મોદી સાથે મધુર સંબંધ સ્થાપિત કરતા રોકવા માટે છે કે કેમ એ આગામી દિવસોમાં સ્પષ્ટ થશે.

જોકે હમણાં હમણાં નીતીશ અને રાહુલ ગાંધી પણ મળતા થયા છે. ઉત્તર પ્રદેશમાં મુખ્યપ્રધાન અખિલેશ યાદવ અને રાહુલ સાથે મળીને સમાજવાદી-કોંગ્રેસ યુતિ સાથે ચૂંટણી લડી રહ્યા છે. ભાજપનો મિત્રપક્ષ શિવસેના વડા પ્રધાન મોદી અને ભાજપી મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસથી વંકાયેલો છે. બંને વચ્ચે મહારાષ્ટ્રની મહાપાલિકાઓ અને જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં યુતિ તૂટી ગઈ છે.એ પછી પણ મહારાષ્ટ્રમાં ભાજપનો વાત રહ્યાની વાત વિપક્ષોને અકળાવે છે. મોદી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસના સુપ્રીમો શરદ પવાર વચ્ચે મીઠા સંબંધ હોવાની અને શિવસેના ભાજપ સાથે છેડો ફાડે તો મહારાષ્ટ્રમાં ભાજપી સરકારની વહારે પવારની પાર્ટી જવાની ચર્ચા ચગાવાયા છે. પવાર એનો છેદ ઉડાડે છે. વળી પવારનું નામ રાષ્ટ્રપતિપદ માટે પણ ગજવવામાં આવે છે, પણ પવારની રાજકીય પ્રકૃતિ જાણનાર સામાન્યજનને પણ અણસાર આવી શકે કે પવાર મોદીના કહ્યાગરા બની શકે નહીં. એટલે રાષ્ટ્રપતિપદ માત્ર હવાઈતુક્કા સમાન જ છે. પવાર સેનાના પ્રફુલ પટેલ શરદ રાવ કાંઈ રાહુલબાબાનાં હાથ નીચે કામ કરે નહીં એવા સંકેત આપે છે.પણ પ્રશ્ન એ છે કે રાહુલબાબાને વડા પ્રધાનપદના વિપક્ષી ઉમેદવાર તરીકે ગંભીરપણે લેવાતા નથી.

આવા સંજોગોમાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદી સામે કોને ઉમેદવાર તરીકે આગળ કરી શકાય એનું ચિંતન વિપક્ષમાં થઈ રહ્યું છે. હવેનો વિપક્ષ એટલે બિન-કોંગ્રેસી નહીં, પરંતુ બિન-ભાજપી મોરચો જ ગણાય. આ મોરચામાં કોંગ્રેસ અને કોમ્યુનિસ્ટો સાથે જ આવે. ભલે પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણીમાં એમના અનુભવ કડવા રહ્યા હોય. બિહાર મોડેલ લઈને આગળ વધવું પડે.બિહારમાં ભાજપ સાથે દાયકા સુધી રાજ કરનાર જેડી (યુ)ના નેતા નીતીશકુમારે ભ્રષ્ટાચારનો પર્યાય લેખાતા રહેલા લાલુપ્રસાદ યાદવ અને નામશેષ થયેલી કોંગ્રેસ સાથે જોડાણ કરીને વડા પ્રધાન મોદીની નેતાગીરી છતાં ભાજપી નૈયાને ડૂબાડી અને જેડી (યુ), આરજેડી તથા કોંગ્રેસની સંયુક્ત સરકાર રચીને નરેન્દ્રભાઈને નીચાજોણું કરાવ્યું હતું.

સત્તામોરચા કાયમી નથી હોતા. આજે મોદી સરકારમાં જે પક્ષો અને પ્રધાનો છે; તેઓ ગઈકાલોમાં ડો. મનમોહન સિંહના વડપણવાળી કોંગ્રેસપ્રેરિત મોરચાની સરકારમાં હતા. વાજપેયીના વડપણવાળી ૨૪ પક્ષોની સરકારમાં પણ આવા જ આયારામ-ગયારામના ખેલ ચાલતા રહ્યા હતા. કોઈપક્ષને સત્તા કાજે કોઈ પક્ષનો છોછ નથી હોતો. નવાં જોડાણ કરવામાં કે ઘર માંડવામાં એમને 'હોમ કમિંગ'કે અન્યાય થવાથી પલટી મારવાનાં બહાનાં હાથવગાં હોય છે.

વાજપેયી સરકારને ક્યારેક જયલલિતા જયરામના અન્નાદ્રમુકનો તો ક્યારેક કરુણાનિધિના દ્રમુકનો ટેકો હતો. આજે મોદી મોરચામાં આ બેઉ દ્રવિડ પક્ષોમાંથી એકેય નથી. છેલ્લી ચૂંટણીમાં જયલલિતા સાથે જોડાણ કરવા ભગવી બ્રિગેડે ખૂબ ઉધામા માર્યા હતા, પણ દાળ ગળી નહોતી. વળી ભવિષ્યમાં બેમાંથી કોઈ સાથે જોડાણ નહીં થાય એવું નિશ્ચિતપણે

અનુસંધાન પાના નં. ૭ પર